
**DATE: 12/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દુકાનની પાછળના ભાગેથી 3 ડ્રમ મળતાં તપાસ શરૂ, ચોરીનું હોવાની આશંકા

# ઝઘડિયાના કદવાલી ગામેથી દુકાન પાછળ સંતાડેલો 80 લિટર ડિઝલનો જથ્થો મળ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા તાલુકાના કદવાલી ગામેથી એલસીબીએ 80 લિટર ડિઝલના જથ્થા સાથે યુવાનને ઝડપી પાડયો છે. છેલ્લા ઘણા સમયથી ઝઘડિયા તાલુકામાં ડિઝલ તથા બાયોડિઝલના સંદર્ભમાં તપાસ ચાલી રહી છે. આ વિસ્તારમાં આવેલી કવોરી, રેતીની લીઝોના કારણે ડમ્પર અને મશીનરીઓ વધુ ચાલતી હોય છે ત્યારે ગેરકાયદે રીતે ડિઝલ તથા બાયોડિઝલ વેચતાં તત્વો પણ સક્રિય બન્યાં છે.એલસીબીની ટીમ ઝઘડિયા વિસ્તારમાં હતી તે સમયે કદવાલી ગામે મહેશ વસાવાની દુકાનની પાછળના ભાગે ડિઝલનો શંકાસ્પદ જથ્થો હોવાની માહિતી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં દુકાનની પાછળના ભાગેથી 3 ડ્રમમાં રાખેલો ડિઝલનો જથ્થો મળ્યો હતો. 80 લિટર ડિઝલની કિમંત 7,360 રૂપિયા થવા જાય છે. હાલ તો પોલીસે મહેશ વસાવાની ધરપકડ કરી આ ડિઝલનો જથ્થો કયાંથી લાવ્યો તેની તપાસ હાથ ધરી છે. ઝઘડિયા વિસ્તારમાં એલસીબીની ટીમ સતત પેટ્રોલિંગ કરી રહી છે જેના કારણે સ્થાનિક પોલીસ પણ સતત દોડતી રહે છે . એલસીબી તાલુકામાંથી વિવિધ સ્થળોએથી દારૂ પણ ઝડપી રહી હોવાથી સ્થાનિક પોલીસની ચિંતા વધી છે.



**DATE: 12/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આણંદના આરોપી તુષાર કોઠારી સામે રાજયના વિવિધ પોલીસ સ્ટેશનમાં 31 ગુના

# અંકલેશ્વરમાં વૃદ્ધનું એટીએમ બદલી 50 હજાર ઉપાડી લેનારો ઠગ વડોદરાથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગુજરાતના વિવિધ એટીએમ પર પૈસા ઉપાડવા આવતાં ગ્રાહકોના એટીએમ બદલીને તેમના ખાતામાંથી રૂપિયા ઉઠાવી લેતાં ગઠિયાને ભરૂચ એલસીબીએ વડોદરાથી ઝડપી પાડયો છે.

અમદાવાદ,વડોદરા,આણંદ, નડિયાદ,ભરૂચ અને અંકલેશ્વર, સુરત જેવા શહેરમાંએટીએમમાં પૈસા ઉપાડવા આવતા ગ્રાહકોને મદદ કરી આપવાના બહાને પાસવર્ડ જાણી એટીએમની બદલી લોકોના ખાતામાંથી પૈસા ઉપાડી લેતાં ઠગને એલસીબીએ ઝડપી પાડયો છે. એટીએમ બદલીને છેતરપિંડી કરવામાં માહેર એવો આણંદનો તુષાર કોઠારી વડોદરામાં હોવાની માહિતી મળતાં પોલીસે વડોદરા રેલ્વે સ્ટેશન નજીક આવેલા સ્કેવર હોટલના વિસ્તારમાંથી તેને ઝડપી પાડ્યો હતો. ભરૂચ એલસીબી ટીમે પુછતાજ કરતાં તે ભાગી પડતા પોતાના ગુનાની કબૂલાત કરી હતી.જેમાં તે એ.ટી.એમ પર પૈસા ઉપાડવા આવતા ગ્રાહકોને મદદ કરવાના બહાને તમને એ.ટી.એમ.બદલી નાખી પાસવર્ડ જાણો તેમાંથી પૈસા ઉપાડી લેતો હતો.તે એક મહિના પહેલા આણંદ થી અંકલેશ્વર આવી સર્કલ ત્રણ બાજુ બેંક ઓફ બરોડાના એ.ટી.એમ. પર રેકી કરી વૃદ્ધ શાંતિલાલ દરજીના એ.ટી.એમ કાર્ડનોપાસવર્ડ જાણી તેમનું કાર્ડ બદલીને નજીકના એ.ટી.એમ મશીનમાં જઈને કુલ પાંચ ટ્રાન્ઝેક્શન કરી કુલ.રૂ. 50 હજાર ઉપાડી લીધા હતા અને તેને વાપરી નાખ્યા હતા. આરોપી સામે અમદાવાદ, વડોદરા, આણંદ, નડિયાદ,ભરૂચ અને સુરત જેવા શહેરના 31 ગુનાઓનો નોંધાયેલા છે.

**DATE: 12/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વર પ્રતિન ચોકડી પાસેથી દારૂના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા.૧૧

**અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે પ્રતિન ચોકડી પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સને ઝડપી પાડ્યા હતા.**

## પોલીસે કુલ રૂ.૫૫ હજારનો મુદ્દામાલ કબજે લીધો

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે મુંબઈ સેન્ટ્રલ ટ્રેનમાં જયપુર ખાતેથી વિદેશી દારૂનો જથ્થો લાવી અંકલેશ્વર રેલ્વે સ્ટેશન ઉતરી છે. જેવી બાતમીના આધારે પ્રતિન ચોકડી પાસે રેલ્વે સ્ટેશન બહાર વોચ ગોઠવી હતી.તે દરમિયાન આવતા પોલીસે તેઓને અટકાવી તેઓની પાસે રહેલા થેલામાંથી પોલીસને વિદેશી દારૂની ૬૦ નંગ બોટલો મળી આવી હતી.

પોલીસે રૂ.૪૫ હજારનો દારૂ અને ફોન મળી કુલ રૂ.૫૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

**DATE: 13/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# પતિએ 4 વર્ષીય દીકરીને ઝૂંટવી લઈ કાઢી મૂકતાં પત્ની અભયમના શરણે

## **વાગરામાં** અણબનાવને કારણે પતિએ પત્નીને કાઢી મૂકી હતી, અભયમે પરિવારનું સુખદ મિલન કરાવ્યું

ભરૂચઃ વાગરા પંથકના એક ગામમાં પત્ની પાસેથી ચાર વર્ષની દીકરીને ઝૂંટવી લઇ માર મારીને પતિએ પિયર મોકલી આપી હતી. અને પત્ની એક માથી પિયર રહેતી હતી. પતિ પત્નીને અપનાવવા તૈયાર ન હતો. આખરે પત્નીએ ૧૮૧ અભયમ ટીમનો સંપર્ક કરતાં સુખદ સમાધાન થયું હતું.

પત્નીએ અભયમ ટીમને જાણ કરતાં પિયરના સરનામા પર પહોંચી હતી. અભયમ ટીમે મહિલાની મુલાકાત લેતાં જાણ થઈ કે યુવતીને એમના પતિ સાથે લગ્નેતર સંબંધોના લીધે ઝઘડો થતાં ચાર વર્ષની દીકરી ઝૂંટવી લઈ યુવતીના પિતાને બોલાવી પિયરમાં મોકલી આપી હતી. ૧૮૧ ટીમે યુવતીના પતિને બોલાવ્યો અને ઝઘડો ન કરવા અભયમ ટીમે શિખામણ આપી હતી.

**DATE: 14/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# અંકલેશ્વરથી ભાગેલા પ્રેમી પંખીડા ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં સગીર વયની દીકરીને લગ્ન ની લાલચે મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ અંકલેશ્વર રહેતા અલી અસગર ઉર્ફે આર્યન જલાલુદ્દીન શાહ ભગાડી ગયો હતો. સગીરાના પિતાએ જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે 18 દિવસથી સઘન તપાસ બાદ બંનેને શોધી કાઢયાં છે. સગીરાનું તબીબી પરીક્ષણ કરી તેના પરિજનો સુપરત કરી હતી. ઝડપાયેલા આરોપીનું પણ તબીબી પરીક્ષણ કરાવી વધુ તપાસ નો દોર શરુ કર્યો હતો.

**DATE: 15/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચના 13 ગામમાંથી પશુઓની ઉઠાંતરી

# ચોરાયેલાં પશુઓ ખરીદનાર બોડેલીનો શખ્સ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમે ગત 13મી જાન્યુઆરીએ વાલિયાના ડુંગરી ગામના સોએબ અલી સુલેમાન અલીને ઝડપી પાડ્યાં બાદ વિસ્તારમાં પશુચોરી કરતી ટોળકીના સાગરિતો તબક્કાવાર ઝડપાયાં હતાં જેમાં અંદાડાના રફિકખાન, સિદ્દીક સુલતાન ખાનના નામનો ઘટસ્ફોટ કર્યો હતો. બાદમાં માલુમ પડ્યું હતું કે, તેઓ બોડેલીના સુનિલ રાઠવા તેમજ ઝંખવાવના આદિલ મુલતાનીને વેચી દેતાં હોવાની કબુલાત કરી હતી. ઉપરાંત તેમણે અંકલેશ્વર અને હાંસોટ સહિત ઝઘડિયા તેમજ વાલિયાના કુલ 13 ગામોમાંથી પશુ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. દરમિયાનમાં એલસીબીએ બોડેલીના સુનિલ રાઠવાની ધરપકડ કરી પોલીસને સોંપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપીઓ પહેલાં રેકી કરતાં હતાં અને બાદમાં જીપ લઈને જઈને પશુઓની ઉઠાંતરી કરતાં હતાં.

# ઝઘડિયાથી ગુમ થયેલો યુવક પાલેજની એક હોટલ પાસે મળ્યો

ઝઘડિયા તા.૧૪

ઝઘડિયા ટાઉનના રજપૂત ફરિયામાં રહેતા જયપાલસિંહ કમલજીતસિંહ પરમાર ગત તા. ૧૦.૨.૨૪ ના રોજ ગુમ થયો હતો. જે બાબતે જયપાલસિંહના પરિવારજનોએ ઝઘડિયા પોલીસ મથકમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.ભરૂચ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચને જિલ્લામાં ગુમ થયેલા બાળકો ,સ્ત્રી ,પુરુષ શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવા ઉપરી અધિકારીઓએ માર્ગદર્શન આપેલુ હતુ.જે અન્વયે ઝઘડિયા ટાઉનમાંથી ગુમ થયેલા જયપાલસિંહ પાલેજ સીટી પોઈન્ટ હોટલ પાસે જોવા મળેલ છે.તેવી બાતમી મળી હતી.જેના આધારે એલસીબી ટીમે પાલેજની સિટી .પોઈન્ટ હોટલ ખાતે તપાસ કરતાં તે મળી આવતા તેઓને સમજાવી ઝઘડિયા પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

**DATE: 15/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# ઝઘડિયા તાલુકાના મુલદ અને પાણેથા ગામેથી વિદેશી દારૂ ઝડપાયો

ઝઘડિયા,તા.૧૪

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં બે અલગઅલગ સ્થળોએથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપાવાની ઘટનાઓમાં કુલ ત્રણ ઈસમો સામે ગુનો નોંધાયો હતો.

## મુલદ ખાતેથી બૂટલેગરને ઝડપી લેવાયો, પાણેથાનો બૂટલેગર ફરાર, ત્રણ સામે ગુનો દાખલ

ઝઘડિયા પોલીસને બાતમી મળી હતી કે, મુલદ ઓવર બ્રિજના સર્વિસ રોડ પર કાશી ફળિયામાં જવાના રસ્તા પર એક શખ્સ સ્કુટર લઈને ઊભો રહી દારૂનુ વેચાણ કરી રહ્યો છે.

જે બાતમીના આધારે પોલીસે તે સ્થળે જઈને તપાસ કરતાં બાતમી મૂજબનો શખ્સ મળી આવતાં તેની અટકાયત કરી સ્કૂટરની તલાશી લેતાં ડીકીમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂની બોટલો અને સ્કૂટર મળી કુલ રૂ.૮૮,૨૭૦નો મુદ્દામાલ જપ્ત કરી દારૂનું વેચાણ કરતાં લક્ષ્મણ વસાવાની ધરપકડ કરી હતી, તેમજ તેણે દારૂનો જથ્થો નવાગામ કરાર તા.અંકલેશ્વરના સતિષ ચંદુભાઈ વસાવા પાસેથી લાવ્યો હોવાનું જણાવાતા પોલીસે બંને સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે બીજી ઘટનામાં ઉમલ્લા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમી મુજબ પાણેથા ગામે રહેતા અજય ખોડાભાઈ વસાવાના ઘરના પાછળના ભાગેથી વિદેશી દારૂની બોટલો જપ્ત કરી હતી. જ્યારે બૂટલેગર અજય ખોડાભાઈ વસાવા પોલીસને જોઈ નાસી જતાં તેના વિરૂધ્ધ ગુનો નોંધીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## અંકલેશ્વરના પશુ ચોરીના ગુનામાં સંડોવાયેલો શખ્સ બોડેલીથી ઝડપાયો

અંકલેશ્વર તા.૧૪

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકના પશુ ચોરીના ગુનામાં

**DATE: 15/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં પોકસો એક્ટના ગુનામાં સંડોવાયેલો આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૧૪

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકના પોકસો એક્ટના ગુનામાં સંડોવાયેલો આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. ગત તા.૨૬મી જાન્યુઆરીના રોજ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકની હદમાંથી સગીરાને લગ્નની લાલચ આપી ફસાવી સારંગપુરના આઝાદનગર ખાતે રહેતો અલી અસગર ઉર્ફે આર્યન જલાલુદ્દીન શાહ ભગાડી ગયો હતો. આ અંગે જી.આઈ.ડી.સી. પોલીસ મથકે આઈપીસી કલમમો અને પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. દરમિયાન જી.આઈ. ડી.સી. પોલીસે પોકસો એક્ટના ગુનામાં સંડોવાયેલો આરોપી અલી અસગર ઉર્ફે આર્યન જલાલુદ્દીન શાહને ઝડપી પાડી તપાસ હાથ ધરી હતી.

**DATE: 15/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### આરોપીએ જોલી એલએલબી ફિલ્મ જેવું કાવતરું ઘડી કાઢ્યું

# સગીરાને ભગાડી વેશપલ્ટો કરી સાધુ બન્યો પણ પરબીયા આશ્રમમાંથી ઝબ્બે

## એલસીબીની ટીમને જોઇ કહ્યું : સંસારથી કંટાળી સાધુ બની ગયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર



જોલી એલએલબી ફિલ્મની પટકથા જેવી જ એક ઘટના ભરૂચ જિલ્લામાં બની છે. ફિલ્મમાં જેમ આરોપી પોલીસથી બચવા માટે સાધુનું રૂપ ધારણ કરે છે તે જ રીતે અંકલેશ્વરના પોક્સોના ગુનામાં વોન્ટેડ આરોપી બાલાસિનોરના એક આશ્રમમાં સાધુ બનીને રહેતો હતો. જોકે, ભરૂચ એલસીબીની ટીમે તેને દબોચી લેતાં હું સંસારથી કંટાળી ગયો છું એટલે સાધુ બની ગયો છું તેવી કેફિયત રજૂ કરી હતી.

અંકલેશ્વરમાં ત્રણ મહિના પહેલાં એક સગીરાના અપહરણની ફરિયાદ નોંધાઇ હતી. જેની તપાસમાં મુળ દાહોદના ગરબાડા તાલુકામાં આવેલાં મોટી ખરચ ગામે રહેતો નવલ ઉર્ફે કાળિયો ચંદુ ભાભોર સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયો હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે પોલીસે તેને શોધવાની કવાયત હાથ ધરતાં તે દાહોદમાં તેના મામાને ત્યાં ગયો હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું હતું. જેથી પોલીસે ત્યાં પહોંચતાં તેમને માત્ર સગીરા મળી આવી હતી. નવલ ઉર્ફે કાળિયો પોલીસના હાથે નહીં ચઢતાં તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. અરસામાં ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ અને ચોંકાવનારી માહિતી મળી હતી. તેમને ઈનપુટ મળ્યાં હતાં કે, નવલ ઉર્ફે કાળિયો છેલ્લાં બે મહિના ઉપરાંતથી વેશપલટો કરી સાધુનો સ્વાંગ લઈને બાલાસિનોર તાલુકામાં આવેલાં પરબીયા ગામે આવેલાં લીલવણી મહાદેવ આશ્રમમાં રહે છે. જેના પગલે એલસીબીની ટીમ તુરંત આશ્રમ ખાતે પહોંચી હતી. અને સાધુ બનીને રહેતાં નવલને ઉંઘતા જ ઝડપી પાડ્યો હતો.

## હત્યાના કેસમાં બાતમીદાર બન્યો હતો

અંકલેશ્વરના યુવક સાથે મૈત્રી કરારમાં રહેતી યુવતીની હત્યા કરી મૃતદેહને પથ્થર સાથે બાંધીને રામકુંડ પાસે આવેલાં તળાવમાંથી પથ્થર બાંધીને નાંખી દેવાનો કિસ્સો 3 મહિના પહેલાં બન્યો હતો. જોકે, ઘટનામાં નશાની હાલતમાં હત્યારાએ મિત્રને તમામ હકિકત કહેતાં તેણે પોલીસને બાતમી આપી હતી. ત્યારે પોલીસનો બાતમીદાર બનનારો નવલ ઉર્ફે કાળિયો ભાભોર જ હતો.

## મહિલા વકીલને ધમકીઓ પણ આપી

અંકલેશ્વરની સગીરાને ભગાડી જનાર નવલ ઉર્ફે કાળિયાએ હત્યાના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને મદદરૂપ બન્યાં બાદ એક મહિલા વકીલ સાથે પણ કોઈ બાબતે તકરાર કરી હતી. તેણે જે તે સમયે મહિલા વકીલને ધમકીઓ પણ આપી હોવાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

**DATE: 16/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# અંકલેશ્વરમાંથી મોબાઈલ ચોર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ચોરીના 2 મોબાઈલ સાથે યુવાનને પોલીસે ઝડપી પાડયો છે. બી ડિવિઝન પોલીસ મથકે મોબાઈલ ચોરીના બે ગુના નોંધાયાં હતાં. ચોરીમાં ગયેલાં ફોન એકટીવ થતાંની સાથે પોલીસને પગેરુ મળ્યું હતું.પોલીસે ચોરીના મોબાઈલ સાથે અંકલેશ્વર વિરાટ નગર ખાતે રહેતા સચિન નટવર ચૌહાણને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ચોરીના 2 મોબાઈલ રિકવર કર્યાં હતાં.

**DATE: 16/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કંપનીઓમાં કાર ભાડે આપવાના બહાને 1.45 કરોડના કૌભાંડમાં કાર્યવાહી

# અંકલેશ્વરમાં છેતરપિંડીનો આરોપી ચીખલીથી 5 વાહનો સાથે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે કાર ભાડે રાખવાના બહાને છેતરપીંડીનો મામલો ડિસેમ્બર 2023 માં નોંધાયો હતો જેમાં કંપનીમાં અને સરકારી કચેરીમાં કાર ભાડે મુકવાની લાલચ આપી કાર પડાવી લેવામાં આવી હતી. ભેજાબાજો સામે 1.45 કરોડની કિમંતની 36 કાર સગેવગે કરવાની ફરિયાદ નોંધાઈ હતી. અગાઉ પોલીસે 36માંથી 21 કાર કબજે કરી હતી. જિલ્લાભરમાં



ચકચાર મચાવનાર આ કેસમાં મુખ્ય સુત્રધાર સહિત 3 આરોપી હજી પોલીસને ચકમો આપી નાસતા ફરે છે. આ કેસમાં નઈમ નઝીર મુલતાનીનું નામ પણ બહાર આવતાં પોલીસે તેની શોધખોળ આદરી હતી. આરોપી ચીખલી નવસારી ખાતે પોતાના ઘરે હોવાની ચોક્કસ માહિતી મળતા અંકલેશ્વર બી ડિવિઝનની ટીમે દરોડો પાડયો હતો. આરોપીને તેના ઘરેથી ઝડપી લેવાયા બાદ તેની પાસેથી 3 ઈકો કાર, એક બોલેરો અને એક અર્ટિગા સહિત 5 વાહન કબજે લેવાયાં છે.આરોપીને હાલ અંકલેશ્વર ખાતે લાવી તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. બીજી તરફ છેલ્લા 3 મહિનાથી મુખ્ય સુત્રધારને ઝડપી પાડવામાં પોલીસ નિષ્ફળ રહી છે.

**DATE: 17/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# જુગાર રમતા 4 ઝબ્બે

જંબુસરના તળાવપુરા વિસ્તારમાં જુગાર રમાતા 4 શખ્સોની પોલીસે ઝડપી પાડ્યા હતા. જ્યારે તે પૈકી 1 રણજીત પાટણવાડીયા હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. પોલીસે 52 હજારનો મુદ્દામલ જપ્ત કર્યો છે.

**DATE: 17/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ભરૂચની નારાયણ વિદ્યાલયમાં સીપીઆર ટ્રેનિંગની શિબિર યોજાઇ



**ભરૂચ** | નારાયણ વિદ્યાલય ખાતે મહિલા પોલીસ સ્ટેશન અને સિવિલ હોસ્પિટલના ઉપક્રમે ધોરણ 8 અને 9ના વિદ્યાર્થીઓને સિવિલ હોસ્પિટલના ડો. નિવેદિતા વડોદરિયા, ડૉ. નિરાલી પ્રજાપતિ તથા સ્ટાફે સીપીઆરની તાલીમ આપવામાં આવી હતી. મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સંગીતા સાબલિયા અને કોન્સ્ટેબલ સપનાબા ઝાલા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી માધ્યમના પ્રિન્સિપલ વિદ્યા રાણા અને સીપીઓ સુરેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કંપનીની પાછળ સામાન સંતાડ્યો હતો

# પાનોલીમાંથી 170 કિલો ભંગાર સાથે બે યુવાનની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



પાનોલી પોલીસની ટીમને જીઆઈડીસી વિસ્તાર ઈન્ફિનિટી કંપની પાછળ એસએસ પાઈપના ટુકડા સહીતના ભંગાર જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી. જેના સંદર્ભમાં પોલીસે તપાસ હાથ ધરતાં પાઈપના ટુકડા સહિતનો સામાન મળી આવ્યો હતો. આ ભંગાર લેવા આવેલાં અને સંજાલીના મહારાજા નગરમાં રહેતાં શ્યામ તાંતી અને અંદાડાના કુલીનગરમાં રહેતાં કિશન બારીયાને ઝડપી લેવાયા હતાં. સ્થળ પરથી 25 હજારની કિમંતનો 170 કિલો ભંગારનો જથ્થો કબજે લેવાયો છે. બંને ઈસમો ભંગારનો જથ્થો કયાંથી લાવ્યાં તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

**DATE: 18/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ટ્રકોમાંથી ઉડતી રેતીના કારણે થતાં અકસ્માતો

# રાજપારડીમાં તાડપત્રી ઢાંક્યા વિના રેતી લઈ જતી ટ્રક જપ્ત

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકામાં નર્મદા નદીના કિનારે રેતીની અનેક લીઝો આવેલી છે અને તેમાંથી નીકળતી ટ્રકોમાંથી ઉડતી રેતીના કારણે અન્ય વાહન ચાલકો અકસ્માતનો ભોગ બની રહયાં છે તેમજ લોકોના ઘરોમાં રેતી જઈ રહી છે. ભાલોદ, ઉમલ્લા સહિતના ગામના લોકોના વારંવારના આંદોલન બાદ તંત્રએ રેતીનું વહન કરતી વખતે ટ્રક પર તાડપત્રી ફરજિયાત બાંધવા સંદર્ભનું જાહેરનામુ બહાર પાડયું હતું પણ કેટલાક ટ્રક ચાલકો જાહેરનામાનો ભંગ કરી તાડપત્રી ઢાંક્યા વિના જ રેતીનું વહન કરી રહયાં છે. તેમની બેદરકારી અકસ્માતો નોંતરી શકે તેમ હોવાથી લોકોમાં રોષ ફેલાયેલો છે. ગતરોજ રાજપારડી પોલીસના જવાનો ચાર રસ્તા ઉપર વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન ભાલોદ રોડ તરફથી આવતી એક હાઈવા ટ્રક ઉપર તાડપત્રી ઢાંકેલ ન હોવાનું જણાતા તે ટ્રકને તેના ડ્રાઈવર પપ્પુ બૈજનાથ દ્વિવેદી વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 18/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

### પોલીસે રોકડા ૧૩ હજાર અને છ મોબાઈલ જપ્ત કર્યા

# ખાનપુર દેહ ગામે જુગાર રમતા સાત શખસને પોલીસે દબોચ્યા

## સાત શખસ પાસેથી પોલીસે રૂા. ૪૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

। જંબુસર ।

જંબુસર તાલુકાના ખાનપુર દેહ ગામે કુતરીયા તળાવની પાછળ આવેલી બાવળની ઝાડીઓમાં જુગાર રમતા સાત જુગારીઓને રૂ.૪૦,૨૧૦ના મુદ્દામાલ સાથે જંબુસર પોલીસે દબોચી લઈ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.



જંબુસર પોલીસે જુગાર રમતા સાત શખસને દબોચ્યા હતા.

પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગ સંદિપસિંહ તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તરફથી જીલ્લામાં દારૂ/જુગારની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે જંબુસર પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર એ.વી. પાણમીયાના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. કે.બી. રાઠવા તથા સ્ટાફના માણસો નાઈટ રાઉન્ડમા પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન આ.પો.કો. નરેશભાઈ ભીખાભાઈ ને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ખાનપુર દેહ ગામે કુતરીયા તળાવની પાછળ આવેલ બાવળ ની ઝાડીઓમાં છાપો મારતા ખુલ્લી જગ્યામાં પત્તા-પાના વડે પૈસાનો હાર-જીતનો જુગાર રમતાં ખાનપુર દેહ ગામના સાજીદ અબ્બાસ પટેલ, શકલેન મુસ્તાક ઈસ્માઈલ જનાબ,જગદીશભાઈ પ્રભાત ભાઈ રાઠોડ,સુરેશભાઈ મહીજીભાઈ રાઠોડ, કાસીમભાઈ ગુલામભાઈ યુસુફભાઈ માસ્ટર, શાહરૂખ શોકતઅલીઈસપ પટેલ તથા સરફરાજ સઈદભાઈ ઈસ્માઈલભાઈ માલા (વો.પટેલ) ને રંગે હાથ ઝડપી પાડી રોકડા રૂપિયા ૧૩,૨૧૦ તથા મોબાઈલ નંગ-૦૬ કિ.રૂ.૨૭,૦૦૦ તેમજ જુગાર રમવાના સાધનો મળી કુલ્લે રૂ.૪૦,૨૧૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.